# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

****************************************************

1) ભારત અને સંયુક્ત આરબ અમીરાતે નવી દિલ્હીમાં સંરક્ષણ સહયોગને આગળ વધારવા માટે બેઠક યોજી.
2) વિદેશ મંત્રી ડૉ એસ જયશંકરે દક્ષિણ કોરિયાના રાષ્ટ્રીય સુરક્ષા નિર્દેશક વાઈ સુંગ-લાક સાથે મુલાકાત કરી.
3) પશ્ચિમ બંગાળના કોલકાતામાં ગોડાઉનની છત ધરાશાયી થતાં 3 લોકોના મોત.
4) ઓમાને હોર્મુંઝ સામુદ્રધૂની દ્વારા એક કામચલાઉ દરિયાઈ કોરિડોર ખોલવાની જાહેરાત કરી.
5) યુરોપમાં પડી રહેલી તીવ્ર ગરમીને વિશ્વ આરોગ્ય સંગઠને ગંભીર આરોગ્ય કટોકટી ગણાવી.
6) ફિફા વિશ્વ કપમાં, આજે રાત્રે કેનેડા અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચે મુકાબલો.

……………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# IND – UAE DEFENCE

ભારત અને સંયુક્ત આરબ અમીરાત- UAE એ આજે નવી દિલ્હીમાં વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી માળખા હેઠળ સંરક્ષણ સહયોગને આગળ વધારવા માટે એક બેઠક યોજી હતી. સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા સદેશમાં જણાવ્યું હતું કે, સંયુક્ત સચિવ અમિતાભ પ્રસાદ અને UAE ના બ્રિગેડિયર સ્ટાફ જમાલ ઇબ્રાહિમ મોહમ્મદ ઇબ્રાહિમ અલ્મર-ઝૌકી દ્વારા આ બેઠકની સહ-અધ્યક્ષતા કરવામાં આવી હતી. વધુમાં કહેવામાં આવ્યું છે કે ચર્ચાના મુખ્ય વિષયો સંરક્ષણ ઉદ્યોગ સહયોગનો વિસ્તાર, નવીનતાને પ્રોત્સાહન, વિશિષ્ટ ટેકનોલોજીનો લાભ લેવા અને દરિયાઈ સુરક્ષાને મજબૂત બનાવવા હતા.

# JAISHANKAR- SOUTH KOREA

વિદેશ મંત્રી ડૉ એસ જયશંકરે આજે સાંજે દક્ષિણ કોરિયાના રાષ્ટ્રીય સુરક્ષા નિર્દેશક વાઈ સુંગ-લાક સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે તેમની વચ્ચે વૈશ્વિક વિકાસ અને ઈન્ડો-પેસિફિક પર વ્યૂહાત્મક મૂલ્યાંકનનું ઉપયોગી વિનિમય હતું.

વિદેશ મંત્રીએ પડકારજનક વૈશ્વિક વાતાવરણ વચ્ચે ભારત-દક્ષિણ કોરિયા સંબંધોને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકતાં કહ્યું કે સહિયારા મૂલ્યો અને પરસ્પર વિશ્વાસ ધરાવતા દેશોએ સાથે મળીને વધુ નજીકથી કામ કરવું જોઈએ. તેમણે દક્ષિણ કોરિયાના વિદેશ મંત્રી ચો હ્યુન સાથે સિઓલમાં મુલાકાત દરમિયાન આ ટિપ્પણી કરી હતી.

વિદેશ મંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે તેમણે રાજકારણ, જહાજ નિર્માણ, વેપાર, રોકાણ, સંરક્ષણ, ટેકનોલોજી, સ્વચ્છ ઉર્જા, સંસ્કૃતિ અને પરસ્પર સંબંધોના ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચેના સહયોગની સમીક્ષા કરી હતી. તેમણે સ્ટાર્ટઅપ્સ, ફિનટેક અને બહુપક્ષીય મંચો પર તકોની ચર્ચા અને બંને દેશોના સંબંધિત ક્ષેત્રો અને વૈશ્વિક સ્તરે વિકાસની પણ ચર્ચા કરી હતી

# GOYAL – US – DELEGATION MEETING

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે નવી દિલ્હીમાં અમેરિકન વેપાર પ્રતિનિધિ રાજદૂત જેમીસન ગ્રીર અને તેમના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી. શ્રી ગોયલે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે તેમણે ભારત-અમેરિકા વેપાર વાટાઘાટોની પ્રગતિની સમીક્ષા કરી અને બંને દેશો વચ્ચે આર્થિક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની તકો શોધી. તેમણે રાજદૂત ગ્રીરના નેતૃત્વ અને રચનાત્મક અને પ્રગતિશીલ રીતે વાટાઘાટોને આગળ વધારવા માટે બંને પક્ષોના સતત પ્રયાસોની પણ પ્રશંસા કરી.

# BRICS – MEETING

BRICS હેડ્સ ઓફ સ્પેસ એજન્સીઝ બેઠક 2026 આજે ભારતના અધ્યક્ષપદ હેઠળ બેંગલુરુમાં પૂર્ણ થઈ.

વિજ્ઞાન અને ટેકનોલોજીમંત્રી જિતેન્દ્ર સિંહે સમાપન સત્રમાં હાજરી આપી અને વૈશ્વિક અવકાશ પહેલમાં ભારતની વધતી જતી ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

પત્રકારો સાથે વાત કરતા, ઇસરો ના ચેરમેન વી. નારાયણને જણાવ્યું હતું કે બે દિવસીય બેઠકમાં ઇસરો ઇન સ્પેસ અને અવકાશ વિભાગના પ્રતિનિધિઓ સાથે 10 દેશોના 26 પ્રતિનિધિઓ એકઠા થયા હતા. તેમણે કહ્યું કે ચર્ચાઓ સામાજિક-આર્થિક વિકાસ માટે રિમોટ સેન્સિંગ સેટેલાઇટ નક્ષત્રોના ઉપયોગ પર કેન્દ્રિત હતી,.આ ઉપરાંત ટકાઉ અવકાશ કામગીરી અને કાટમાળ-મુક્ત મિશન મેનેજમેન્ટ પર પણ ચર્ચા થઈ.

તેમણે ઉમેર્યું કે BRICS અવકાશ સહયોગ માળખામાં વધારાના સભ્ય દેશોના સમાવેશ સાથે વિસ્તરણ થવાની અપેક્ષા છે, જે અવકાશ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત બનાવે છે.

# REV. WB GODOWN COLLAPSED

આજે કોલકાતાના તારાતલા વિસ્તારમાં એક બાંધકામ હેઠળના ગોડાઉનની છત ધરાશાયી થઈ જેમાં 3 લોકોના મોત અને 5 ઇજાગ્રસ્ત થયા છે, ઇજાગ્રસ્ત લોકોની નજીકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી અને સ્થળનું નિરીક્ષણ કર્યું.

સુવેન્દુ અધિકારીએ પત્રકારોને માહિતી આપી હતી કે કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ ઘટના માટે એક અહેવાલ તૈયાર કરવામાં આવશે અને આવતીકાલે વિધાનસભામાં આ ઘટના અંગે વિગતવાર માહિતી આપવામાં આવશે.

સેના, NDRF, પોલીસ, ફાયર અને આકસ્મિક સેવાના કર્મચારીઓ રાહત અને બચાવ કામગીરી કરી રહ્યા છે. તેમણે આજે પ્રારંભિક બચાવ તબક્કામાં સ્થાનિક લોકોને સામેલ કરવા બદલ ફાયર સર્વિસ અને NDRFના સભ્યોના પ્રયાસોની પ્રશંસા કરી.

કાટમાળમાં ફસાયેલા લોકો સાથે સંપર્ક સ્થાપિત કરવામાં આવ્યો છે અને બચાવ ટીમ દ્વારા પાણી અને ઓક્સિજન પૂરું પાડવામાં આવ્યું છે. તેમને બચાવવાના પ્રયાસો ચાલુ છે.

# ASSAM – FLOOD

અરુણાચલ પ્રદેશના સુબાનસિરી જિલ્લામાં ભારે વરસાદને કારણે આસામના વિવિધ સરહદી જિલ્લાઓના નીચાણવાળા વિસ્તારોમાં પૂરની શક્યતા વધી ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા 24 કલાકમાં અરુણાચલ પ્રદેશના નીચલા સુબાનસિરી જિલ્લાના યાઝાલી વિસ્તારમાં 72.8 મીમી વરસાદ નોંધાયો છે. આના કારણે નદીના સ્તરમાં ઝડપથી વધારો થયો અને ઉપરના કેચમેન્ટ વિસ્તારોમાં અચાનક પૂર આવ્યું છે. સાંભળીએ એક અહેવાલ.....

**(BYTE - RAKESH DOLE ASSAM )**

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# PMGSY – TRIPURA

કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ 2026-27 માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-PMGSY હેઠળ ત્રિપુરામાં 96 રોડ પ્રોજેક્ટ્સના નિર્માણ માટે 211 કરોડ રૂપિયાથી વધુના ભંડોળને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ રાજ્યમાં 160 કિલોમીટરથી વધુ લાંબા રસ્તાઓનું નિર્માણ કરશે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું કે મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સ રાજ્યની 96 વસાહતોને પહેલી વાર દરેક હવામાનથી સુગમ રોડ કનેક્ટિવિટી પ્રદાન કરશે. તેમજ સુધારેલ કનેક્ટિવિટી શાળાઓ, આરોગ્યસંભાળ સુવિધાઓ અને ગ્રામીણ બજારો જેવી આવશ્યક સેવાઓની ઍક્સેસને સરળ બનાવશે. અત્યાર સુધીમાં, મંત્રાલયે PMGSY હેઠળ ત્રિપુરામાં કુલ 1 હજાર 594 રોડ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ્સમાં 6 હજાર 284 કિલોમીટરના રસ્તા અને 66 પુલનો સમાવેશ થાય છે.

# OMAN – STRAIT OF HORMUZ

ઓમાને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સામુદ્રધૂની દ્વારા એક કામચલાઉ દરિયાઈ કોરિડોર ખોલવાની જાહેરાત કરી છે. વાણિજ્યિક શિપિંગ ફરી શરૂ કરવા અને અખાતમાં હજારો ખલાસીઓ ફસાયેલા દરિયાઈ સંકટને દૂર કરવા તરફ આ એક મોટું પગલું છે.

ઓમાનની સરકારે જણાવ્યું હતું કે જહાજોની સલામત અવરજવરને સરળ બનાવવા માટે સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠન-IMOના સહયોગથી આ પહેલ વિકસાવવામાં આવી હતી. IMO અનુસાર, 11 હજારથી વધુ ખલાસીઓ હજુ પણ આ વિસ્તારમાં ફસાયેલા છે અને તેમને તબક્કાવાર સ્થળાંતર અને પરિવહન યોજના હેઠળ મદદ મળવાની અપેક્ષા છે.

ઓમાનના દરિયાઈ સુરક્ષા કેન્દ્રે હાલની ટ્રાફિક અલગતા યોજનાના ઉત્તર અને દક્ષિણમાં કામચલાઉ માર્ગો સ્થાપિત કર્યા છે, અધિકારીઓએ કહ્યું કે કોરિડોરનો ઉપયોગ કરતા જહાજોને નિયંત્રિત પ્રક્રિયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે અને પરિવહન પહેલાં IMO અને ઓમાની સત્તાવાળાઓ સાથે સીધો સંકલન કરવો પડશે.

મસ્કતે ભાર મૂક્યો કે જહાજોને પરિવહન ફી વિના કામચલાઉ કોરિડોરનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે. દરમિયાન, ઓમાન અને ઈરાન હોર્મુઝ સામુદ્રધૂનીમાં નેવિગેશન અને દરિયાઈ સેવાઓના લાંબા ગાળાના સંચાલનની ચર્ચા કરવા માટે એક સંયુક્ત કાર્યકારી જૂથની સ્થાપના કરવા સંમત થયા છે.

# EUROPE – HEATWAVE

યુરોપ હાલમાં તીવ્ર ગરમીના મોજાનો સામનો કરી રહ્યું છે. ઘણા દેશોમાં રેકોર્ડબ્રેક તાપમાન નોંધાઈ રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંગઠને આ પરિસ્થિતિને ગંભીર આરોગ્ય કટોકટી ગણાવી છે.

ફ્રાંસમાં ગઈકાલે મોસમનો સૌથી ગરમ દિવસ નોંધાયો હતો. દક્ષિણ પશ્ચિમ શહેર પિસોસમાં 44.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ગરમીથી રાહત મેળવવા માટે જળાશયો અને દરિયાકિનારાનો આશરો લેતા 48 લોકોના ડૂબી જવાથી મોત થયા છે. દરમિયાન, બ્રિટ્ટેનીના ઉત્તર પશ્ચિમ પ્રદેશમાં હજારો ઘરોમાં વીજળી ગુલ થઈ છે.

સ્પેનમાં પરિસ્થિતિ ગંભીર છે. હવામાન વિભાગે એન્ડાલુસિયા પ્રદેશ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે, જ્યાં તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની સંભાવના છે.

બ્રિટનમાં, હવામાન વિભાગે મધ્ય અને દક્ષિણ ઇંગ્લેન્ડ માટે દુર્લભ રેડ એલર્ટ જાહેર કર્યું છે. ઇટાલીના આરોગ્ય મંત્રાલયે ફ્લોરેન્સ, મિલાન, રોમ, તુરીન અને વેરોના સહિત 16 શહેરો માટે હીટવેવ એલર્ટ જાહેર કર્યું છે.

# US OPEN BADMINTON

યુએસ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મહિલા ડબલ્સ ઇવેન્ટના ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. ભારતીય જોડીએ સ્પેનની પૌલા લોપેઝ અને લુસિયા રોડ્રિગ્ઝને હરાવી હતી. પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં તેમનો સામનો જાપાનની સુમીર નાકાડે અને મિયુ તાકાહાશી સામે થશે.

# FIFA WORLD CUP

ફિફા વિશ્વ કપમાં, આજે રાત્રે કેનેડાના વાનકુવરમાં ગ્રુપ B મેચમાં કેનેડા સ્વિટ્ઝર્લૅન્ડ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે સાડા 12:30 વાગ્યે શરૂ થશે. બીજી મેચમાં બોસ્નિયા અને હર્ઝેગોવિના વોશિંગ્ટનના સિએટલ સ્ટેડિયમ ખાતે કતાર સામે ટકરાશે.

આજે અગાઉ, કોલંબિયાએ મેક્સિકોના ગુઆડાલજારામાં ગ્રુપ K મેચમાં ડીઆર કોંગોને 1-0થી હરાવીને 32માં રાઉન્ડ માટે ક્વોલિફાય કર્યું હતું. પોર્ટુગલે અમેરિકાના હ્યુસ્ટનમાં ઉઝબેકિસ્તાનને 5-0થી હરાવ્યું હતું. 41 વર્ષીય ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ બે ગોલ કરીને પોર્ટુગલને ઉઝબેકિસ્તાન પર 5-0થી જીત અપાવી હતી. પોતાના ગોલ સાથે, રોનાલ્ડો છ અલગ અલગ વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં ગોલ કરનાર પ્રથમ ખેલાડી બન્યો, ફોક્સબરોના બોસ્ટન સ્ટેડિયમ ખાતે ઇંગ્લેન્ડ અને ઘાના વચ્ચેની ગ્રુપ L મેચ ગોલરહિત ડ્રોમાં સમાપ્ત થઈ. ગ્રુપ Lની બીજી મેચમાં, ક્રોએશિયાએ ટોરોન્ટો સ્ટેડિયમ ખાતે પનામાને 1-0થી હરાવ્યું.

# MEA PASSPORT SEWA DIVAS

વિદેશ મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે વર્ષ 2025 માં પ્રાદેશિક પાસપોર્ટ કચેરીઓ, પાસપોર્ટ સેવા કેન્દ્રો અને વિદેશમાં ભારતીય દૂતાવાસો દ્વારા ભારતીય નાગરિકોને આશરે દોઢ કરોડ પાસપોર્ટ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવામાં આવી છે.

મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે દેશભરમાં પાસપોર્ટ સેવા કેન્દ્રો અને પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રોની સંખ્યામાં સતત વધારો થયો છે. હાલમાં, આવા 545 કેન્દ્રો કાર્યરત છે. ગયા વર્ષે, 10 નવા પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રો ખોલવામાં આવ્યા હતા, અને આ વર્ષે 10 વધુ બનાવવાની યોજના છે.

તેમણે જણાવ્યું હતું કે ચિપ-સક્ષમ ઇ-પાસપોર્ટ રજૂ કરવાની શરૂઆત એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ પાસપોર્ટ પહેલા કરતા વધુ સુરક્ષિત અને મજબૂત છે. અત્યાર સુધીમાં આશરે 47 લાખ ચિપ-સક્ષમ પાસપોર્ટ જારી કરવામાં આવ્યા છે.